૨૪૦ જેટલાં શહેરોને આ યોજના દ્વારા પાણી... પાણીનું વિતરણ કરવામાં આવે છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર... ૨૦૨૪ જ જીવન' મિશન હેઠળ 'નલ સે જલ' યોજના શરૂ કરવામાં આવી. ભારત સરકાર દ્વારા દેશ... સુધીમાં ઘર-ઘર શુદ્ધ પાણી ઉપલબ્ધ થાય તે માટે પણ વડપ્રધાનશ્રીએ 'હર ઘર જલ' યોજના શરૂ કરી છે. 'જળ એ જ જીવન' મિશન હેઠળ 'નલ સે જલ' કાર્યક્રમ વર્ષ ૨૦૧૯-૨૦થી શરૂ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં આ લક્ષ્યાંક સિદ્ધ કરેલ છે. આમ, રાજ્યના તમામ ગ્રામીણ વિસ્તારમાં ઘરે ઘરે ૧૦૦ ટકા પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે યોજના ઉપલબ્ધ કરી છે. રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભ જળ આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના પણ શરૂ કરવામાં આવેલી છે. અનેક ગામોને સરદાર સરોવર નર્મદા કેનાલ આધારિત પીવાનું પાણી આપવામાં આવે છે અને એટલા માટે જ પાણી સરફેસ આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાઓ ગુજરાતમાં શરૂ કરેલી છે. આ રીતે 'નલ સે જલ' કાર્યક્રમ અંતર્ગત જરૂરિયાત હોય તેવા ગામડાઓને અને ફળિયાઓને પણ પીવાનું પાણી આ યોજના દ્વારા આપવામાં આવે છે. છેલ્લા ૨૦ વર્ષથી ગ્રીડ નિર્માણ કરી તેની સાથે સાથે તબક્કાવાર ગુજરાતના તમામ ગ્રામ્ય વિસ્તારમાં નવી જૂથ પાણી પુરવઠા યોજનાઓ શરૂ કરવામાં આવી છે. ટેલિસ્કોપ નેટવર્ક ડિઝાઈનની જગ્યાએ હબ એન્ડ સ્પોક ડિઝાઈન વ્યવસ્થા પણ ગુજરાત સરકારે શરૂ કરેલ છે. ભૂતકાળમાં પાણીની ઉપલબ્ધતા માટે આધીન રહીને પીવાનું પાણી દૈનિક ૪૦ લિટર, ૫૫ લિટર અને ૭૦ લિટર આપવામાં આવતું હતું. આ બધી યોજનાઓની રાજ્ય સરકારે સમીક્ષા કરીને આજે ૧૦૦ ટકા પાણી દરેક ગામડામાં આપવામાં આવે છે. માનનીય મોદી સાહેબ દ્વારા દરિયાનું ખારું પાણી મીઠું બનાવીને આપવામાં આવે છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાષ્ટ્રના કાયદા અને વ્યવસ્થા માટે એના ન્યાયતંત્રને સર્વોપરીતા આપવામાં આવી છે અને એ જ રીતે ભારતદેશમાં પણ કાયદાનું રાજ્ય સ્થપાય અને સાચા અર્થમાં રામરાજ્યની સ્થાપના થાય તે માટે દેશની માનનીય મોદી સાહેબની અને અહીંની શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે અથાગ પ્રયત્નો કરેલા છે. કોઇપણ રાજ્યમાં લોકોનો બૌદ્ધિક અને ભૌતિક વિકાસ થાય તે માટે ''**સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ, સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત્ દુઃખ ભાગભવેત**''ના સિદ્ધાંત મુજબ ભારતીય પરંપરાના મૂલ્યોનું રક્ષણ થાય તો જ સાચા રામરાજ્યની સ્થાપના થતી હોય છે અને એટલા માટે છેવાડાના લોકોને સાચો ન્યાય મળે એ દિશામાં ન્યાયતંત્રનો વિકાસ થાય એ માટે આપણા રાજ્યની સરકારે ઘણા પ્રયાસો હાથ ધર્યા છે અને આપણી લોકશાહીમાં મુખ્ય ચાર સ્તંભો ગણવામાં આવ્યા છે. એમાં ન્યાયતંત્રને પણ મહત્ત્વનો ભાગ ગણવામાં આવ્યો છે. હમણાં જ અમારા માનનીય સિનિયર સભ્યશ્રીઓએ વાત કરી અને ઘણોબધો વિષાદ ઠાલવ્યો. એમાં હું કહેવા માગું છું કે, ન્યાયતંત્રનો જે દુરુપયોગ થયો છે એમાં ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રીએ આખો કેસ પલ્ટી નાંખ્યો હતો એનો પણ ઉલ્લેખ કર્યો હોત તો સારું થાત. કોંગ્રેસ પક્ષના જ વરિષ્ઠ અને વકીલો દ્વારા રામમંદિર અટકે એ માટેના નામદાર સુપ્રીમ કોર્ટમાં પણ હજારો પ્રયત્નો કર્યા છે અને એમ છતાં પણ આ દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રીના અથાગ પ્રયાસોના કારણે અને સુપ્રીમ કોર્ટના જજો અને યોગી સરકારના માધ્યમથી ચુકાદો આવ્યો છે એટલે સિનિયર સભ્યશ્રીઓનો વિષાદયોગ પૂરો થશે અને રામરાજ્યનું નિર્માણ થશે. આપણે બધા ભેગા મળી જ્યારે રામલલ્લાના દર્શન કરીશું ત્યારે જ એક નવો અધ્યાય શરૂ થશે. ભારતદેશને પણ એક નવી દિશા મળશે અને દુનિયામાં એની નામના થશે. આ બધી પરિસ્થિતિમાં જે દુનિયાના મહાસત્તાધીશો છે એમને દુનિયાની પવિત્ર ભૂમિ પર લાવી અને મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલે આ રાજ્યને નામ આપ્યું છે એમાં ત્રીજું નામ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું ઉમેરાશે. દુનિયાને પણ કબૂલ કરવું પડશે કે આ ભારતદેશ ખૂબ જ મહત્ત્વનો દેશ છે. ન્યાયતંત્રનો પણ એટલો બધો વિકાસ કરવામાં આવ્યો છે કે જૂના કાયદાઓને રદ કરી નવા કાયદાઓના સ્વરૂપમાં આ રાષ્ટ્રનું નવનિર્માણ થાય અને ગુજરાતની પણ કાયાકલ્પ થાય એવો પ્રયાસ ચાલી રહ્યો છે. આ પ્રયાસ અભિનંદનને પાત્ર છે. મને પણ કહેતાં આનંદ થાય છે કે, વર્ષ ૧૯૯૫માં મારા કાયદામંત્રીના કાર્યકાળ દરમિયાન હાઇકોર્ટના બિલ્ડિંગનું કામ થયું છે અને એ વખતે પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી. ન્યાયતંત્રના વિકાસમાં આડે આવેલ છે. એવી કોંગ્રેસ સરકારે ઘણાં બધાં કામો કર્યાં એવો ઉલ્લેખ થતો હતો ત્યારે ટૂંક સમયમાં વિષાદયોગ તો જતો રહેશે. પણ કહેવાનો મતલબ એ છે કે કોલસાથી કાળા હાથ કરનારી આ કોંગ્રેસને વર્ષ ૨૦૧૪માં સાચી લોકશાહીના દર્શન મોદી સાહેબે કરાવ્યા અને આ કાળા હાથ કરવાવાળા તો ગયા. કોંગ્રેસે કિસાનોના લોહીથી પોતાના હાથ ખરડ્યા હતા એને પણ આ રાજ્યની જનતાએ ફેંકી દીધા. આ બધું જોતાં આપણે એટલું ચોક્કસ કહી શકીએ કે, જે રાજ્યમાં કાયદાનું શાસન ચાલતું હોય એ રાજ્યનો જ વિકાસ થાય છે. વકીલો હોય તો બાર કાઉન્સિલ મારફતે એમનું પણ કલ્યાણ થાય. વકીલોને પણ સહાય કરવામાં આ રાજ્યની સરકાર અગ્રેસર રહી છે. એ જ રીતે જુદી જુદી કોર્ટો જેવી કે, મહિલાઓ માટે ફેમિલી કોર્ટોની સ્થાપના આ રાજ્યમાં કરવામાં આવી છે. એ કોર્ટો મારફત એમના નાના-મોટા પ્રશ્નોનો નિકાલ કરવામાં આવે છે. એ જ રીતે કોર્ટોનું ડિજિટલાઇઝેશન કરવામાં આવ્યું છે. અત્યારે કોઇપણ વ્યક્તિ નીચલી કોર્ટ કે ઉપલી કોર્ટમાં, એના કેસનું સ્ટેટસ શું છે તે પણ આ ડિજિટલાઇઝેશનની પ્રથાથી જાણી શકે છે. હવે હાઇકોર્ટ પણ કેસોની સુનાવણીનું જીવંત પ્રસારણ કરે છે. એટલે ન્યાયતંત્રની કામગીરી બહુ સ્વચ્છ રીતે થાય અને લોકોને એની તાત્કાલિક ખબર પડે એના માટે આ સરકાર સતત પ્રયાસો કરી રહી છે. પક્ષકારોને જરૂરી માહિતી ઉપલબ્ધ થાય એ માટે ઇ-મેઈલ માય કેસ